Volume 3, Issue 6
September
2025

# ટપક E-MAGAZINE

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત




સંસ્થાનું વાર્ષિક મિલન કાર્યક્રમ ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ખાતે યોજાયો. જેમાં સંસ્થાના બોર્ડના સભ્યો, કાર્યકર મિત્રો, કાર્યક્રમોના લાભાર્થીઓ, ભૂતપૂર્વ કાર્યકર મિત્રો અને કામ સાથે જોડાયેલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગત વર્ષ દરમિયાન થયેલ કામગીરી અને અગામી આયોજન પર ચર્ચા થઇ. સમુદાય અને સંસ્થા સાથે સંકળાયેલ કાર્યકર મિત્રોએ તેમના સંસ્થા સાથેના જોડાણ અને અનુભવોની આપલે કરી. વર્ષ દરમ્યાન થયેલ કામગીરીના આધારે ગોંડલ ક્લસ્ટરની ટીમને સતત  બીજા વર્ષે બેસ્ટ ટીમનો એવોર્ડ આપવામાં આવ્યો. બાકીની ટીમોને રનર્સ અપ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા.




Share your review



www.sskkamreli.org
info@sskkamreli.org

**આ મહિના દરમિયાન પ્રોજેક્ટ વિસ્તારના ૭૦ ગામોમાં જનજાગૃતિ માટે વાન કેમ્પેઈન યોજવામાં આવ્યું. જેમાં ગુલાબી ઈયળ વ્યવસ્થાપન, વૃક્ષારોપણ, જંતુનાશકોના ઉપયોગની માર્ગદર્શિકા અને મોનોક્રોટોફોસનો ઉપયોગ બંધ કરવા બાબત, મજુરોના અધિકારો, બાળ મજુરી નિવારણ જેવી બાબતો એલઈડી સ્ક્રીન પર બતાવી જાગૃતિ ફેલાવવામાં આવી.**



**આયોજન પ્રમાણે મહિના દરમિયાન એલજી મીટીંગ, રીજનરેટીવ એગ્રીકલ્ચર પ્રેક્ટીસ ડેમો અને તેમની મુલાકાત, કોટન ક્રોપ મેપિંગ એક્સરસાઈઝ, ટીમની મીડ સીઝન અને પોસ્ટ હાર્વેસ્ટીંગ તાલીમ, ખેડૂતો અને મજૂરોની મીડ સીઝન તાલીમો, જેન્ડર ગેમ, મહિલા ખેડુતો અને તેમના પરિવાર સાથે મીટીંગ વગેરે જેવી કામગીરી થઇ.**
















**પ્રોજેક્ટ કાર્ય વિસ્તારના ૨૨ ગામોમાં કુલ ૩૯૦૦ વૃક્ષોના રોપનું વાવેતર ખેડૂતો દ્વારા થયું. આ બધા રોપા સંસ્થાએ પુરા પાડયા અને સંસ્થા અગામી સમયમાં આ પહેલનું મોનીટરીંગ પણ કરશે.**










**પ્રોજેક્ટ કાર્યકરોની માસિક મીટીંગનું આયોજન તા.૨૮/૯/૨૦૨૫ ના રોજ થયું. જેમાં આગામી માસનું આયોજન અને થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી.**





**‘આત્મા પ્રોજેક્ટ’ સાથે જોડાણ કરી ચિતલ ગામના ૧૫ બહેનોને શાકભાજીના બિયારણનું વિતરણ કરવામાં આવ્યું. તા. 30/0૯/૨૦૨૫નાં રોજ દુધાળા ગામે યોજાયેલ “પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ” માં કાર્યવિસ્તારના ચિતલ અને શેડુભાર ગામમાંથી ૨૯ ખેડૂત ભાઈઓ અને ૪૨ મહિલા ખેડૂતો હાજર રહ્યા.**







**તા. ૧૭/0૯/૨૦૨૫ ના રોજ સપનાબેન અને કનુભાઈની ઉપસ્થિતિમાં CCFCF કાર્યક્રમ અંતર્ગત સ્પોર્ટ્સ કિટ અને TLM સામગ્રીનું વિતરણ ૧૪ ગામોની શાળાઓમાં કરવામાં આવ્યું, જેમાં મોટા માચીયાળા, હરિપુરા, વાંડળીયા, ગાળકોટડી, આમરાપરા, પીર ખિજડિયા, લૂણકી, ભીલડી, ચામરડી, વલરાડી, જશવંતગઢ, ચિતલ, મોણપુર અને ઇંગોરાળા ગામોનો સમાવેશ થાય છે.**






IADLE પ્રોજેક્ટ હેઠળ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ૫ ગામોમાં ૬૫ ખેડૂતોને IPM નિદર્શન સામગ્રીનું વિતરણ, ૫ ગામોમાં પશુ આરોગ્ય કેમ્પો યોજ્યા જેમાં કુલ ૩૨૬ ખેડૂતોએ ભાગ લીધો હતો અને ૨૫૮૯ પશુઓને રોગોની સારવાર અને નિવારક પગલાંની સેવાઓ પૂરી પાડવામાં આવી હતી, ૩ ગામોમાં ૭ પશુઓને કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું હતું, IEC સામગ્રી પુસ્તિકા છાપવામાં આવી અને ૫૮૮ ખેડૂતોને આપવામાં આવી, કૂવા રિચાર્જ માટે મૂલ્યાંકન અને સરકારી યોજનાઓ માટે જોડાણો હાથ ધરવામાં આવ્યા હતા.



## ગોંડલ ક્લસ્ટરના વાળાધરી, બિલડી, જુના પીપળીયા અને વેરાવળ સાણથલી ગામોમાં ગ્રામ્ય સ્તરે આબોહવા અનુકૂલન પર ‘જીપીડીપી’ વિકાસ આયોજન પૂર્ણ થયું હતું અને ૧૯૫ સહભાગીઓ હાજર રહ્યા હતા.






## ગોંડલ કાર્યવિસ્તારના ૮ ગામોમાં કોમન રિસોર્સ મેનેજમેન્ટ યોજનાઓ વિકસાવવા માટેની તાલીમનું આયોજન કરવામાં આવ્યું. તાલીમ દરમિયાન સંસ્થાના ટેકનિકલ નિષ્ણાતે સમુદાયોમાં પાણીના ઉપયોગ વિશે સમજણ આપી.









ટપક E-MAGAZINE
Volume 3, Issue 6
September 2025

## મોટા ઉમવાડા ગામમાં ચેકડેમ નવીનીકરણનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું.






૭૧૩ પરિવારોને પોષણ કીટનો લાભ આપવામાં આવ્યો. આ કીટ પોષણ અને આરોગ્યને સુધારવા માટે મદદરૂપ બનશે. આ પહેલ ૩૨ ગામોમાં લાગુ કરવામાં આવી હતી. આ પ્રયાસનો હેતુ સંતુલિત આહાર અને પોષણની જરૂરિયાતો વિશે જાગૃતિ લાવવાનો હતો.





## ખરીફ પાક માટે શ્રેષ્ઠ પદ્ધતિઓની ચર્ચા કરવા માટે સોળીયા, રાજપરા, જુના રાજપીપળા ગામોમાં ૧૨૫ ખેડૂતો સાથે કૃષિ તાલીમ પૂર્ણ કરવામાં આવી હતી.



ટપુક E-MAGAZINE
Volume 3, Issue 6
September 2025

## ૩૭૧ મહિલાઓ સાથે ખરેડા, રાજગઢ, દેરડી, જસાપર, પાંચવડા, રામોદ, રાવણા, વોરા કોટડા, સાજડીયાળી, વેરાવળ (સાંથલી), વેજાગામ, અરડોઈ, વલહારી ગામોમાં ડિજિટલ અને નાણાકીય સાક્ષરતાના ૫ તાલીમ કાર્યક્રમ પૂર્ણ કર્યા.







Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org Search for the org with its GSN or IT PAN on GuideStar India

Share your review



www.sskkamreli.org info@sskkamreli.org